| Published Date: | 19 Jan 2025 | Publication: | Divya Bhaskar (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 16 |
| Circulation: | 310,118 | | |

## સોમવારે શપથ ગ્રહણ અને ટેરિફ પોલિસીની જોવાતી રાહ...ફેબ્રુઆરીમાં બજેટ માર્કેટની નવી રાહ દોરવશે

# શેરમાર્કેટ માટે ટ્રમ્પના શપથ ગ્રહણ-પોલિસી ટર્નિંગ પોઇન્ટ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમેરિકન પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના સોમવારે શપથ ગ્રહણ અને ત્યાર બાદ
1 ટેરિફ પોલિસી પર ભારત ઉપરાંચ ચીન, યુરોપ, રશિયા સાથે સમગ્ર વિશ્વની નજર કેન્દ્રિત થઈ છે. શપથ પૂર્વે અમેરિકાના શેરમાર્કેટે તેજી સાથે ટ્રમ્પને વધાવ્યા છે. શુક્રવારે ડાઉ જોન્સ પોણા ટકાના દૈનિક અને સાપ્તાહિક 3.69%ના સુધારાએ 43487.59ની સપાટીએ બંધ રહ્યો હતો. ભારતીય શેરમાર્કેટમાં પણ હવે ગભરાટ દૂર થઈ રહ્યો છે પરંતુ હજુ જ્યાં સુધી ટેરિફ પોલિસી રજૂ ન થાય અને વિદેશી રોકાણકારોની આક્રમક વેચવાલીને બ્રેક ન લાગે ત્યાં સુધી વેઈટ એન્ડ વોચની નીતિ રહેલી છે. ટ્રમ્પની પોલિસી બાદ પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનારા અંદાજપત્ર પર રોકાણકારોની નજર કેન્દ્રિત થઈ છે.

### એનર્જી શેર્સ સાથે PSU બેંકોમાં વેલ્યૂ બાઈંગની તક ઉભરી

વિશ્વ બેંકે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ 6.7 ટકા પર જાળવી રાખ્યો છે, જે આર્થિક સ્થિરતાને મજબૂત બનાવે છે. બજારનો વેગ મિડ-કેપ અને સ્મોલ-કેપ સેક્ટર તરફ વળવાની ધારણા છે, જે રોકાણકારો માટે સંભવિત તકો પ્રદાન કરે તેવી અપેક્ષા છે. એનર્જી શેર્સ સાથે PSU બેંકોમાં વેલ્યૂ બાઈંગની તક ઉભરી રહી છે અને આ ક્ષેત્રોમાં ઉપર તરફનો વેગ આગામી સપ્તાહે ચાલુ રહી શકે છે જ્યારે FMCG અને ફાર્મામાં ઘટાડો જળવાય શકે છે. ઓપ્શન ડેટા સૂચવે છે કે ટ્રેડિંગ રેન્જમાં નીચે તરફનો ફેરફાર, જે હવે 23,800 અને 22,800 ની વચ્ચે અંદાજવામાં આવ્યો છે, જેમાં 23,300 અને 23,000 પર મહત્વપૂર્ણ સપોર્ટ ઝોન છે જ્યારે તાત્કાલિક પ્રતિકાર 23800 ઝોનની આસપાસ મજબૂત દેખાય છે. 24,260નો અવરોધ પાર થાય નહિ ત્યાં સુધી લોંગ પોઝીશનથી દૂર રહેવાની સલાહ છે. > **દિનેશ ઠક્કર, ચેરમેન**, ટ્રેડબુલ્સ સિક્યુરિટીઝ.

જો બજેટ પ્રોત્સાહક રહેશે તો બજારમાં સુધારાનો સંચાર જોવા મળી શકે છે. કોર્પોરેટ કંપનીઓના ત્રિમાસીક ગાળાના પરિણામો સિંગલ ડિજિટમાં રહ્યાં છે પરંતુ આગળ જતા ધીમો ગ્રોથ જળવાઈ રહેશે તેવા આશાવાદથી કરેક્શનનો તબક્કો પૂરો થયો હોય તેવું માની શકાય તેમ એનાલિસ્ટોનું કહેવું છે. નિષ્ણાતોના મતે નવા સપ્તાહે નિફ્ટી નીચામાં 22800 અને ઉપરમાં 23600 સુધી પહોંચી શકે છે. જ્યારે સેન્સેક્સમાં 76000નો સપોર્ટ રહેશે. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયામાં બે તરફી વોલેટાલિટી જોવા મળી શકે છે. રેન્જ 86.30-86.70 વચ્ચે જોવા મળશે.

### મ્યુચ્યુઅલ ફંડમાં દરેક ઘટાડે લમસમ રોકાણ ફાયદામંદ નિવડશે

ઈક્વિટી માર્કેટમાં હવે કરેક્શનનો સમય પૂર્ણ થઈ ગયો હોવાનું કહીએ તો ખોટું નથી. ઈક્વિટીની તુલનાએ મ્યુ.ફંડ્સમાં રોકાણ ચાલુ વર્ષે ઉત્તમ સાબીત થઈ સકે છે. માર્કેટમાં હવે દરેક ઘટાડે મ્યુ.ફંડ્સ રોકાણકારોએ SIP સાથે-સાથે લમસમ રોકાણ કરીને આગામી સમયમાં શ્રેષ્ઠ રિટર્નનો લાભ મેળવી શકે છે. યોગ્ય ફાઈ. પ્લાનર દ્વારા ફંડમાં લાંબાગાળાનું રોકાણ કરવામાં આવે તો ઉત્તમ સાબીત થશે. રોકાણકારો આ સેગમેન્ટમાં લાંબાગાળાને ધ્યાનમાં રાખી રોકાણ કરે તો જ સૌથી વધુ ફાયદો મળી શકે છે.

જિજ્ઞેશ માધવાણી
ફંડ એનાલિસીસ

**લાર્જકેપ-મિડકેપ ફંડ્સ**

| વિગત | 2-વર્ષ | 3-વર્ષ | 5-વર્ષ | ફંડ શરૂથી |
|---|---|---|---|---|
| બરોડા BNP પરિબાસ | 22.83% | 22.10% | --% | 21.15% |
| એચએસબીસી લાર્જ-મિડ ફંડ | 25.83% | 24.13% | 22.79% | 23.34% |
| નિપ્પોન ઈન્ડિયા વિઝન ફંડ | 24.30% | 23.46% | 23.34% | 18.67% |
| **FOCUSED ફંડ્સની માહિતી** | | | | |
| ઈન્વેસ્કો ફોકસ ફંડ | 33.11% | 28.54% | --% | 24.75% |
| બંધન ફોકસ ઈક્વિટી ફંડ | 26.22% | 22.98% | 19.97% | 15.71% |
| **મલ્ટી એસેટ ફંડ્સ** | | | | |
| ICICI પ્રુડે. મલ્ટી એસેટ | 18.39% | 19.21% | 21.87% | 17.70% |
| યુટીઆઈ મલ્ટિ એસેટ એલો. | 20.65% | 20.60% | 17.75% | 10.96% |
| તાતા મલ્ટી એસેટ ઓપ. | 13.45% | 18.28% | ---% | 18.89% |
| **મિડકેપ ફંડ્સ** | | | | |
| મોતીલાલ ઓસ્વાલ ફંડ | 39.31% | 36.57% | 35.95% | 22.84% |
| એડલવાઈસ મિડકેપ એડ. | 33.07% | 30.35% | 29.92% | 20.57% |

(સ્રોત: ટોરીન વેલ્થ ગ્રૂપ)